આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૪૨
સૂર્યાસ્ત : ૦૬.૫૪

તાપમાન

મહત્તમ : ૪૦.૪ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૫ ટકા ● સાંજે ૩૦ ટકા

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧ : બ્લડ મની : ૧૦.૦૦, પાન સિંઘ તોમર : ૧૨.૧૫
એજન્ટ વિનોદ :૧૨.૩૦,૩.૩૦,૬.૪૫,૧૦.૦૦
સ્ક્રીન-૨ : કહાની :૧૧.૪૫, બ્લડ મની : ૧.૦૦, ૫.૪૫, ૧૦.૧૫
વર્થ ઓફ ધ ટાઈટન્સ (હિન્દી) : ૩.૪૫, વર્થ ઓફ ધ ટાઈટન્સ : ૮.૧૫
એજન્ટ વિનોદ : ૨.૧૫
સ્ક્રીન-૩ : કહાની : ૧૧.૪૫, ૫.૩૦, ૭.૪૫, ૧૦.૧૫
એજન્ટ વિનોદ : ૨.૧૫, ૬.૪૫
સ્ક્રીન-૪ : બુમબુ : ૧૦.૦૦, ૧૦.૦૦
એજન્ટ વિનોદ : ૧૦.૦૦, ૫.૧૫, ૮.૩૦
પાન સિંઘ તોમર : ૧૨.૧૫, કહાની : ૩.૦૦, ૭.૪૫ બ્લડ મની : ૫.૪૫

સિને મેક્સ

સ્ક્રીન-૧ : વર્થ ઓફ ધ ટાઈટન્સ- ઉડી(હિન્દી) : ૧૦.૦૦,૧૨.૩૦, ૩.૦૦,૫.૩૦, ૧૦.૪૫
એજન્ટ વિનોદ : ૭.૪૫
સ્ક્રીન-૨ : એજન્ટ વિનોદ :૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫, ૬.૩૦, ૧૦.૦૦
સ્ક્રીન-૩ : બ્લડ મની :૯.૪૫, ૧૨.૦૦, ૨.૦૦, ૪.૧૫, ૬.૩૦, ૮.૪૫, ૧૧.૦૦
સ્ક્રીન-૪ : કહાની :૧૦.૩૦, ૩.૧૫, ૮.૦૦, ૧૦.૩૦
બુમબુ : ૧.૦૦, ૫.૪૫

આર વર્લ્ડ

સ્ક્રીન-૧ : બ્લડ મની :૧૧.૩૦, ૨.૧૫,૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦
સ્ક્રીન-૨ : એજન્ટ વિનોદ : ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
સ્ક્રીન-૩ : વર્થ ઓફ ધ ટાઈટન્સ : ૧.૧૫, ૫.૪૫, ૧૦.૩૦

સૂર્યા, વાવોલ

ઉમિયા મા પધાર્યા મારા આંગણે : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઉમિયા મા પધાર્યા મારા આંગણે : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

- સવારે ૧૧.૦૦ કલાકે, જૈન સોશ્યલ ગ્રુપ, ગાંધીનગર દ્વારા સુપ્રસિધ્ધ પ્રવચનકાર શ્રી તેજ સાહેબ નું "પ્રભુ મહાવીર કથા ઉલેચે જીવનની વ્યથા" વ્યાખ્યાન યોજાશે.

ધાર્મિક

- જૈન સમાજ ગાંધીનગર દ્વારા ભગવાન મહાવીર જન્મ કલ્યાણની ઉજવણી કરવામાં આવશે જેમાં સેકટર-૨૧ થી સવારે ૭.૪૫ કલાકે ભવ્ય શોભાયાત્રા નીકળી સેકટર-૨૨માં આવેલ જૈન દેરાસરે પહોંચશે.

આપની આજ

- કિશોર ત્રિવેદી

મેષ : વાહન- જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. દિવસ આનંદમય રીતે પસાર થઈ શકે છે. સામાજિક જવાબદારીમાં વધારો થતો જણાય.

વૃષભ : માનસિક ચિંતા હળવી બનતી જણાય. કૌટુંબિક વિખવાદોનો ઉકેલ આવી શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

મિથુન : જૂના મિત્રો સ્નેહીજનો સાથે મુળવાનું થઈ શકે છે. નાણાંકીય સ્થિતિમાં સુધારો થતો જણાય. વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી બની શકે છે.

કર્ક : માંગલિક પ્રસંગોમાં ભાગ લેવાનું થઈ શકે છે. આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આરોગ્ય સુખાકારી જળવાઈ રહે. સમય શુભ રહે.

સિંહ : ભાગ્યોદયની તક મળી શકે છે. કૌટુંબિક વિખવાદોનો ઉકેલ આવી શકે છે. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. સમય સાનુકૂળ.

કન્યા : અભ્યાસક્ષેત્રે સમય પ્રગતિદાયક બની રહે. કુટુંબિજનો સાથે યાત્રા-પ્રવાસનું આયોજન થઈ શકે છે. માંગલિક પ્રસંગોનું આયોજન થઈ શકે છે.

તુલા : કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે. જૂના મિત્રો સ્નેહીજનોને મળવાનું થઈ શકે છે. દિવસ આનંદમય રીતે પસાર થાય. સમય શુભ.

વૃશ્ચિક : વારસાગત મિલકતની પ્રાપ્તિ થઈ શકે છે. સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મળી શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

ધન : કાર્યક્ષેત્રમાં સમય સફળતા અપાવનારો બની રહે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. સંતાન સંબંધી પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે.

મકર : આકસ્મિક ધન- લાભ થવાની શકયતા. વાહન ખરીદી થઈ શકે છે. કુટુંબિજનો સાથે યાત્રા-પ્રવાસનું આયોજન થઈ શકે છે. સમય સાનુકૂળ.

કુંભ : આર્થિક મુશ્કેલીઓ દૂર થતી જણાય. યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે. વિદેશના અટવાયેલા કાર્યો પૂર્ણ થતા જણાય.

મીન : નાણાંકીય સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી -વેપાર ક્ષેત્રે થયેલ પ્રવાસ લાભદાયી બની શકે છે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

ચિરવિદાય

- સ્વ. કંકુબેન નારણદાસ પંચાલ (ઉ.વ. ૯૪) પ્લોટ નં., ૬૦૧ વાસ્તુ નિર્માણ સોસાયટી, સેકટર- ૨૨, ગાંધીનગર
- સ્વ. તારાબેન ગોવિંદલાલ મકવાણા (ઉ.વ. ૭૧) બ્લોક નં., ૪૧/૧, "જ" ટાઈપ, સેકટર- ૬, ગાંધીનગર
- સ્વ. કમલા મોરેશ્વર ગોળગાવકર (ઉ.વ. ૮૨)૩૦૩ રાધે રેસીડેન્સી,ગામ- કુડાસણ, તા.જિ., ગાંધીનગર
- સ્વ. કમળાબેન બચુભાઈ વ્યાસ (ઉ.વ. ૮૦)પ્લોટ નં. ૧૬૦, સેકટર- ૮, ગાંધીનગર
- સ્વ. રાજીબેન બાબુજી વણઝારા (ઉ.વ. ૧૦૦)મું. બોરીજ, તા. જિ. ગાંધીનગર

શહેરમાં બે અલગ અલગ માર્ગ અકસ્માત : ૮થી વધુને ઈજાઓ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં બે અલગ-અલગ માર્ગ અકસ્માત સર્જાતા બાઈક, રીક્ષા અને કારમાં સવાર આઠ વ્યક્તિઓને નાની-મોટી ઈજાઓ થઈ હતી. જેથી તમામને એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જે અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર ગાંધીનગર નજીક કુડાસણ પાટીયા ખાતે આજે બપોરે એક બાઈક (નં. જીજે-૧૮-એએસ-૫૩૧૬) અને ફીગો કાર (નં. જીજે-૧-કે-૪૧૫) વચ્ચે ગંભીર અકસ્માત થયો હતો. આ ગંભીર અકસ્માતમાં બાઈક અને કારને પણ ભારે નુકશાન થવા પામ્યું હતું જેમાં ત્રણ વ્યક્તિઓને માથાના અને પગના ભાગે ઈજાઓ થવા પામી હતી જેથી તાત્કાલિક સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયારે કારનો ચાલક અકસ્માત સર્જાતા કાર મુકી નાસી છૂટ્યો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ ઉપરાંત શહેરના ઘ-માર્ગ ઉપર ઘ-૪ થી ઘ-૫ સુધીના માર્ગ વિસ્તારમાં રીક્ષા અને લ્યૂના વચ્ચે પણ અકસ્માત સર્જાયો હતો.

શહેરના ઘ-માર્ગ પર ઘ-૪ થી ઘ-૫ સુધીમાં માર્ગનું સમારકામ ચાલતુ હોવાથી વાહન વ્યવહાર સિંગલ માર્ગ ઉપર કરી દેવામાં આવ્યો હતો. જેથી ભારે ટ્રાફિકની સમસ્યા સર્જાઈ હતી. દરમિયાન ચિલોડાથી પથિકાશ્રમ સુધી સટલ મારતો રીક્ષાચાલક રીક્ષામાં મુસાફરો ભરી ઘ-૫ થી પથિકાશ્રમ તરફ પસાર થઈ રહ્યો હતો ત્યારે ઘ-સાડાચાર નજીક અચાનક જ એક લ્યૂના સવાર માર્ગમાં આવી ગયો હતો. જેથી લ્યૂના અને રીક્ષા સાથે ટકરાઈ હતી. પરિણામે રીક્ષા પલટી ખાઈ ગઈ હતી.

મુસાફરો ભરેલી રીક્ષા પલટી ખાઈ જતા અંદર બેઠેલા પાંચ જેટલા મુસાફરોને નાની મોટી ઈજાઓ થવા પામી હતી. આથી તેઓને અન્ય એક રીક્ષામાં બેસાડી ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

તેલના વધતા જતા ભાવો અંગે રાજ્ય સરકારની નીતિ જવાબદાર હોવાના આક્ષેપ સાથે ઘ-૩ સર્કલ ખાતે ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસના મહિલા કાર્યકરોએ દેખાવો કર્યા હતા તે પ્રસંગની તસવીર. (તસવીર : દિપક જાની)

ચેક પરત થવાના કેસમાં વેપારીને એક વર્ષની કેદ

ગાંધીનગર, તા. ૩

મિત્રતાના નાતે ઉછીના આપેલા રૂ. ૩.૬૫ લાખનો ચેક પરત થવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને એક વર્ષની સાદી કેદની સજા ભોગવવા હૂકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ત માહિતી અનુસાર સે. ૨૮માં બ્લોક નં. ૧૦૩/૮, ચ-ટાઈપમાં રહેતા મુકેશ કાન્તિલાલ ઠાકર તેમજ મીના બજારમાં ધંધો કરતા બાબુભાઈ જુગાભાઈ પ્રજાપતિ વચ્ચે મિત્રતાના સંબંધો હતા. મુકેશભાઈ નવા સચિવાલય ખાતે ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો.ઓપ. ન્યુ. ક્રેડીટ સોસાયટી લીમીટેડમાં નોકરી કરે છે. વર્ષ ૨૦૦૫-૦૬ દરમિયાન બાબુભાઈને ધંધાકીય કામ અર્થે નાણાંની જરૂરીયાત ઉભી થતા તેમણે ચાર તબક્કામાં કુલ રૂ. ૩.૬૫ લાખ હાથ ઉછીના લીધા હતા. જયારે આ રકમ નિયત સમયમાં ચુકવી આપવા વિશ્વાસ અને ભરોસો મળ્યો હતો. લેણી રકમ સંદર્ભે માંગણીના અંતે વેપારીએ તેમના મિત્રને રૂ. ૩.૬૫ લાખનો ગાંધીનગર નાગરિક સરકારી બેંક સચિવાલય શાખાનો ચેક આપ્યો હતો. જયારે આ ચેક બેંકમાં જમા કરાવતા અપૂરતા ભંડોળના કારણે ચેક બેંકમાંથી પરત થયો હતો. ત્યારબાદ પણ આરોપીએ લેણી રકમ ન ચુકવતા તેની સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ કોર્ટમાં વકીલ મારફતે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ કેસ ગાંધીનગરની ચીફ જ્યુ. મે.જી. કોર્ટમાં ચાલી જતા જજ એમ.જી. રાવલજીએ આરોપીને તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા તેમજ રૂ. ૧૦ હજારનો દંડ ભોગવવા હૂકમ કર્યો છે. અને જો આરોપી દંડ ન ભરે તો વધુ એક માસની સાદી કેદની સજા ભોગવવા હૂકમ કર્યો છે.

શ્રી જલારામ ધામ ખાતે રામનવમીનો તહેવાર ઉત્સાહપૂર્વક ઉજવાયો

ગાંધીનગર, તા.૩

શ્રી જલારામ ધામ ખાતે રામનવમીની ઉત્સાહ અને શ્રધ્ધા સાથે ઉજવણી કરવામાં આવી હતી. શ્રી રામચંદ્ર ભગવાનની પૂજા, રઘુવંશી ધ્વજવંદન, રામ જન્મોત્સવ, મહાઆરતી જેવા કાર્યક્રમો ઉપરાંત રકતદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી લોહાણા મહાપરિષદ અને શ્રી જલારામ સેવા સમાજના સંયુકત ઉપક્રમે યોજાયેલી શિબિરનું પ્રમુખશ્રી અમૃતભાઈ ઠક્કરે દીપપ્રગટાવી ખુલ્લી મુકી હતી. શિબિરમાં ૪૫ રકતદાતાઓએ રકતદાન કર્યું હતું. સિવિલ હોસ્પિટલના ડૉ. મનોજ પટેલ અને તેમની ટીમે રકત સંકલનની કામગીરી નિભાવી હતી. મંત્રીશ્રી જિતેન્દ્રભાઈ સેજાણી, તથા ઉપ-પ્રમુખ શ્રી અરવિંદભાઈ ઠક્કર, શ્રી રમેશભાઈ પૂજારા, શ્રી પ્રભુલાલ મજીઠિયા, શ્રી ડી.પી. સંઘાણી, શ્રી ગોકુળભાઈ જોબનપુત્રા, શ્રી હેમંત પોપટ, શ્રી રમેશભાઈ ગટ્ટા, શ્રી હરિભાઈ ઠક્કર, શ્રી ભગવતભાઈ ઠક્કર, સેવાઓ આપી હતી.

ગાંધીનગરના ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોર પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી અશોકભાઈ ગણાત્રા, શ્રી રમેશભાઈ તન્ના, શ્રી ખોપકરભાઈ, શ્રી બીપીનભાઈ ઠક્કર, શ્રી કિશોરભાઈ હિંડોવા, શ્રી વિનોદભાઈ ઉદયાએ રજૂ કરેલા સંકીર્તનમાં જોડાયા હતા. બપોરે ૧૨.૦૦ કલાકે રામ લલ્લાનો જન્મોત્સવ, મહાઆરતી, ઘંટારવ સાથે યોજાઈ હતી. પારણું ઝુલાવી લોકોએ ધન્યતા અનુભવી હતી.

રેડ રીબિન કલબનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૩

મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય, રાંધેજાના ઉપાસનાખંડમાં રાષ્ટ્રીય યોજના વિભાગ અંતર્ગત એઈડ્સ અંગે વિવિધ કામગીરી કરતી રેડરિબિન કલબનાં ઉદ્‌ઘાટનની કાર્યક્રમ અને વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં કાર્યક્રમનાં આરંભે મહાવિદ્યાલયની પ્રાર્થના અને ગીત કુ. નિતીક્ષા પટેલે રજુ કર્યું હતું. સંસ્થાની પ્રણાલી અનુસાર મુખ્ય મહેમાનનું સૂતરની આંટી અને કુમકુમ તિલકથી સ્વાગત કુ. જસ્મીન અને બરખાએ કર્યું હતું. મુખ્ય મહેમાન અમર વ્યાસનું શાબ્દિક સ્વાગત અને પરિચય સંયોજક રાજીવ પટેલે આપ્યો હતો. પ્રાસંગિક પ્રવચનમાં અમર વ્યાસે એઈડ્સ અને તેને લગતી વિવિધ માહિતી વિશે વિગતે વાત કરી હતી. રેડરિબિન અને તેની કામગીરી વિશે પણ રસપ્રદ વાત કરી હતી. કાર્યક્રમનાં અંતે ડૉ. ગેલજી ભાટિયાએ આભારવિધિ કરી હતી સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન પ્રા. બળદેવ મોરીએ કર્યું હતું. સંયોજક રાજીવ પટેલે સતત માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

દુ:ખદ અવસાન

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના સેક્ટર-૧૪ના ગુજરાત હાઉસિંગ બોર્ડ સરદાર પટેલ કોલોની બ્લોક નં. ૮માં નિવાસી સુનિલ અને રામેશ્વર લોટના પિતા રામસ્વરૂપ એમ. લોટનો ૨૦મી માર્ચના રોજ સ્વર્ગવાસ થયો હતો. સ્વર્ગસ્થનું બેસણું આજે તા. ૪ એપ્રિલ-૨૦૧૨ના રોજ સાંજે ૪ કલાકે નીજ સ્થળે રાખવામાં આવ્યું છે.

આજે દત્તબાવનીના પાઠ યોજાશે

ગાંધીનગર, તા.૩

રંગ અવધૂત પરિવાર ગાંધીનગર દ્વારા આજે ૪થી એપ્રિલ ૨૦૧૨ ને રાત્રે ૮.૩૦ કલાકે પરમ પૂજય શ્રી પ્રેમ અવધૂત મહારાજની બીજી માસિક પુણ્યતિથિ નિમિત્તે સેકટર-૨૮ના દત્ત મંદિર ખાતે દત્ત બાબાના નામ સ્મરણ અને દત્ત બાવનીના પાઠ યોજાશે. દત્તબાબાના ધાર્મિક પ્રસંગે સર્વે ભકતોને ભાગ લેવા આયોજકોએ ખાસ આમંત્રણ પાઠવ્યું છે.

આજે જશ્ને ગૌષે આઝમ

ગાંધીનગર, તા. ૩

પેથાપુર કસ્બામાં પીરાને પીર બડેપીર ગાદી સરીફ ખાતે આજે તા. ૪થી એપ્રિલને બુધવારે રાત્રે ૧૦ કલાકે ખલીફાએ સેખુલ ઈસ્લામ હઝરત મોલાના ગુલામ મુસ્તુફા અહેસાની ગૌષે આઝમ પર નુરાની તકરીર ફરમાવી દિલોને મુનવર કરશે. તમામ મુસ્લીમ બિરાદરોને ઉપસ્થિત રહેવા રિફાઈ કાદરી ગાદી શરીફની યાદી દ્વારા જણાવાયું છે.

સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ ખાતે ૧૪મીથી સમર કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના સેક્ટર-૮ ખાતે આવેલી સેંટ ઝેવિયર્સ સ્કૂલમાં સમર કોચિંગ કેમ્પ તા. ૧૪મી એપ્રિલથી ૧૪મી મે દરમિયાન યોજાશે. જે વિદ્યાર્થીઓને ફૂટબોલ, ક્રિકેટ, સ્કેટીંગ, ચેસ, વેસ્ટર્ન અને ફોક ડાન્સ જેવી વિવિધ એકટીવીટીમાં ભાગ લેવો હોય તેઓએ સેંટ ઝેવિયર્સ સ્કૂલ, સેક્ટર-૮, ગાંધીનગર ખાતે સવારે ૮ થી ૧૨ કલાક દરમિયાન ફોર્મ મેળવી લેવા એમ શાળાના આચાર્યએ જણાવ્યું છે.

ચૈત્રી નવરાત્રિ અનુષ્ઠાન નિમિત્તે ૧૧ કુંડીય ગાયત્રી યજ્ઞ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના ગાયત્રી શક્તિપીઠ ખાતે ચૈત્રી નવરાત્રિ અનુષ્ઠાન પુર્ણાહૂતિ નિમિત્તે વિના મૂલ્યે ૧૧ કુંડીય મહાયજ્ઞ કરવામાં આવ્યો હતો. જેમાં ગાયત્રી ઉપાસકો તથા ભકતોએ ભાગ લીધો હતો.

૧૧ કુંડીય મહાયજ્ઞ કાર્યક્રમમાં ગાયત્રી શક્તિપીઠના અધ્યક્ષ શ્રી, મનુભાઈ પટેલ, શ્રી ગોવિંદભાઈ નાયી, શ્રી અશ્વિનભાઈ પટેલ, કારોબારી સભ્ય શ્રી, કે.ડી. ગોહીલ, શ્રી ડી.પી. મોદી વગેરે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત લીધી હતી.

આગામી ૮મીએ દલિત સેનાની મીટીંગ

ગાંધીનગર, તા. ૩

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૧મી જન્મજયંતિની ઉજવણી નિમિત્તે તા.૮મી એપ્રિલના રોજ ડૉ. આંબેડકર ભવન ગાંધીનગર ખાતે દલિત સેનાના ગાંધીનગર જિલ્લાના પ્રમુખ શ્રી, બાબુભાઈ મેસરવાલાના પ્રમુખ સ્થાને એક મીટીંગ યોજાનાર છે. જિલ્લા મહામંત્રી શ્રી, દિનકરભાઈ પરમાર, શ્રી મોહનભાઈ બાલુવાકર, મહિલા પ્રમુખ શ્રીમતી પુષ્પાબેન વી. ડોડીયાએ જણાવેલ છે.

'હમ સાથ સાથ હૈ' જેવા પરિવારના મોભી ગોરધનભાઇ પટેલ આપણા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનાં શિક્ષક હતાં!!

બંધારણ ના હોય, પણ વ્યવસ્થા હોય,
સૂચન ના હોય, પણ સમજણ હોય.
કાયદો ના હોય, પણ અનુશાસન હોય,
ભય ના હોય, પણ ભરોસો હોય.
શોષણ ના હોય, પણ પોષણ હોય,
આગ્રહ ના હોય, પણ આદર હોય.
સંપર્ક ના હોય, પણ સંબંધ હોય,
અર્પણ ના હોય, પણ સમર્પણ હોય.
એવી ભાવના પર ટકેલો સાચો પરિવાર...
આપણે વાવીએ છીએ ક્ષણો, ઉગાડીએ છીએ વરસ,
જિંદાદીલીની આ જિંદગીમાં, માણ્યાં કેટલાંય સારાં દિવસ.

ગાંધીનગરનાં સે-૨૭માં રહેતાં શ્રી ગોરધનભાઈ પટેલે એમની જિંદગીનાં ૭૫ વર્ષ પૂર્ણ કરી અમૃતમય યાત્રાનું 'અમૃત પર્વ' એમનાં પરિવારનાં મોટા દીકરાં મોનલ પટેલનાં ઘર આંગણે આપ્તજનો અને જિંદગીના હમસફર બનેલાં મિત્રોનાં સથવારે 'લાગણીનો મેળો' ઉજવ્યો...

આમ તો ગોરધનભાઈ પટેલ વડનગરનાં 'તોરણ અને તાનારીરી' નાં આપણા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં ગામનાં વતની. આનંદની વાત એય ખરી કે અત્યારે આંખોમાં આવીને વસેલાં અને ઈર્ષાને પાત્ર ઠરેલાં શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં શિક્ષક ગુરુ રહેલાં ગોરધનભાઈએ એને કેળવણી પથ પર દોરેલાં છે... આજ વાતનાં તંતુને પકડી રાખીએ તો ગોરધનભાઈના જીવન સંગીની પદ્‌માબેન એ શ્રી નરેન્દ્રભાઈનાં કલાક મેટ, વર્ષોના વર્ષો પછી પણ પંચદેવ મંદિરે નૂતનવર્ષે દર્શને આવેલાં શ્રી નરેન્દ્રભાઈએ ટોળામાં ઉભેલાં પદમાબેનને ઓળખી, નામથી બોલાવી, નૂતન વર્ષાભિનંદન પાઠવેલાં!!

સંબંધ સજાવે જિંદગી
વી આર ફેમીલી
- તબસ્સુમ પઠાણ
gsrelation@yahoo.com

શિક્ષક તરીકે વિદ્યાર્થીઓમાં પ્રિય રહેલાં ગોરધનભાઈ પછી તો સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ ઔદ્યોગિક ક્ષેત્રે જોડાઈ ગયા. ગોરધનભાઈનાં મોટાભાઈ એટલે સ્વ. ધીરૂભાઈ પટેલે જે અત્યારે વિશ્વભરમાં ડંકો વગાડી રહેલી કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશન લી.ના આદ્ય સ્થાપક હતાં. એ વખતે કલ્પતરૂ એચ.ટી.પાવરનાં નામે કામ કરતી અને ગોરધનભાઈ આ કંપનીમાં ભાઈનાં મદદઅર્થે જોડાઈ ગયાં. એ બંને ભાઈઓએ પાડેલાં પરસેવાંનાં ફળ આજે કલ્પતરૂ સાથે જોડાયેલાં પરિવારો ચાખી રહ્યાં છે!!

સેકટર-૨૭ની હાઉસીંગ બોર્ડની સ્વસ્તિક સોસાયટીનાં બ્લોક નં.૧૦૭૯ માં છેલ્લાં ૨૫ વર્ષથી વસેલાં સંયુક્ત કુટુંબના મોભી ગોરધનભાઈને ત્રણ હોનહાર દીકરાઓ છે. સૌથી મોટાં મોનલભાઈએ કલ્પતરૂ કંપનીનાં સંઘર્ષનાં સમયમાં દિવસ-રાત એક કરી અથાક મહેનત કરી છે. હાલ તેઓ અમદાવાદ ખાતે મેપ પાવર પ્રા. લી. કંપની ચલાવી રહ્યા છે. મોનલભાઈ સાથે જેમણે પણ કામ કર્યું છે. એમનો એક સૂર છે કે તેઓ સવાયા ગોરધનભાઈ છે!! મોનલભાઈના જીવનસાથી અચલાબેન અમદાવાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાં પ્રાધ્યાપક છે. જેટલું સુંદર એ એમનાં વિષયને ભણાવે છે, એથીય સુંદર એમની મીઠી વાણી છે. મોનલભાઈ - અચનાબેનની જોડી એટલી મીઠી મધુરી છે કે સતત એમનાં સહવાસમાં રહીએ તો ડાયાબીટીસનો ખતરો રહે!!

ગોરધનભાઈનાં દ્વિતીય નંબરના દીકરા કલ્પેશભાઈ જી.ઈ.બી.ની આરામ દાયક સરકારી નોકરીને રામ રામ કરી પરિશ્રમવાળી કલ્પતરૂની નોકરીમાં સ્વેચ્છાએ જોડાયા અને સરકારી - પ્રાયવેટ બંને અનુભવના મિશ્રણથી ઘડાઈ એમનાં મોટાભાઈના વ્યવસાયમાં ખભે ખભા મિલાવી કામમાં લાગી ગયાં. એમણે ગોરધનભાઈ- ધીરૂભાઈ વાળી ભાઈ-ભાઈની પ્રણાલીને આગળ ધપાવી... કલ્પેશભાઈના પત્ની શ્રીમતી અલકાબેન ઘર-પરિવારની કાળજી હસતે મોં એ શાંતિથી ઉપાડે છે, પણ પાછા એડવોકેટનાં નાતે કાળો કોટ ચઢાવી કોર્ટમાં દલીલોથી બાજી મારી લે છે. ગાંધીનગરની સમાજસેવાની અનેકવિધ પ્રવૃત્તિમાં સક્રિય અલકાબેન એમનાં પ્રોફેશનનો દલીલબાજીનો અખતરો પરિવાર કે કલ્પેશભાઈ સામે ક્યારેય નથી કરતાં!

પોતાનો અમૃત ઉત્સવ ઉજવી આજે રાતની ફલાઈટથી અમેરિકા પોતાના સૌથી નાના દીકરા ગૌરાંગને ત્યાં જતા રવાના થયેલાં. ગોરધનભાઈને આ નાના દીકરાની ચિંતા અધીક હતી. હનુમાનજીની કંઠી બાંધી લગ્નની ઝંજાળથી દૂર ભાવતાં ગૌરાંગભાઈએ વર્ષો પછી એક દિવસ અચાનક હિંચકા પર વિચાર મગ્ન બેઠેલાં ગોરધનભાઈ સમક્ષ લગ્નની મંજૂરી માટે જમીનથી નખ ખોતરતા રજૂઆત કરી અને ગોરધનભાઈએ કોઈપણ જાતની પૂછપરછ વગર હા ભણી દેતાં ગૌરાંગભાઈ એની થનાર પત્નિ દર્શનાને વધામણી આપવાં હાઉસીંગના મકાનની કંપાઉન્ડ વૉલ ટેકીને ફોન કરવાં ભાગેલાં!! આજે તો આ ગૌરાંગભાઈ અમેરિકા આઈ.ટી. ક્ષેત્રે ઠરી ઠામ થયાં છે અને એમની પત્ની દર્શનાબેન ફ્રિલાન્સ જર્નાલીઝમ કરે છે!!

વર્ષોના વહાણને વહી જતાં વાર નથી લાગતી, ગોરધનભાઈ આજે ૭૫નાં મુકામે પહોંચ્યા છે. સમયની નજાકત અને પરિસ્થિતિને પહોંચી વળવાં બે દીકરાઓ અલગ ઘરમાં રહેતાં હોવા છતાં એ એમનાં પરિવારને સંયુક્ત જ માને છે... કામની અગત્યતાને કારણે શરીરથી અલગ પણ મનથી એક રહેતાં પરિવારનાં મોભી ગોરધનભાઈ - પદ્‌માબેન તદ્દન સ્વસ્થ અને સુંદર સ્વાસ્થ્ય ધરાવે છે. વડનગરા લેઉઆ પટેલ સમાજમાં પ્રમુખની જવાબદારી સંભાળતાં ગોરધનભાઈનાં અમૃતપર્વ ટાણે એમનાં સમાજનાં સ્નેહીજનો ખાસ વડનગરથી શુભેચ્છા આપવાં પધારેલાં...

ગોરધનભાઈનાં મિત્રો, સ્નેહીજનો અને શુભચિંતકોનું આમંત્રણ લીસ્ટને જ પ્રાધાન્ય આપી દીકરાઓએ એમનાં પોતાનાં અંગત લોકોને જ બોલાવ્યાં, જેથી ગોરધનભાઈનાં પ્રસંગની ગરીમા જળવાઈ રહે... પરિવારમાં સૌને મનમોકળું મેદાન આપતાં ગોરધનભાઈ દીકરાઓની નાની-મોટી તકલીફોમાં હરહંમેશ મદદરૂપ થાય છે. એમનાં મહત્ત્વનાં નિર્ણયોમાં પોતાનો મત આપે છે, પણ એવું જ થવું જોઈએ એવી મમત ક્યારેય નથી રાખતાં... એમનાં પૌત્રો રોહન અને શાતનુ સાથે એ અર્વાચીન-પ્રાચીન જેવો સુંદર સમન્વય ધરાવે છે!!

પરિવારમાં કલેશ અને સંપત્તિના ટુકડા માટે વિભાને વૃધ્ધાશ્રમનો માર્ગ બતાવતાં દીકરાઓ માટે આ દીકરાઓ અને પોતાનાં મોભીપણામાંથી પરિવાર પર હાવી થવાને બદલે એમને સમજી, સમજાવી આ વડીલે એક આદર્શ અને મોર્ડન વિચારધારાને અનુરૂપ સુંદર દાખલો બેસાડ્યો છે... વિભક્ત છતાં સંયુક્ત રીતે વાર-તહેવાર-પ્રસંગે ફેલીમી ફ્રેંગ્રેંસ ફેલાવતાં આ ગોરધનભાઈનાં પરિવાર પાસેથી આપણા સમાજે ઘણું-બધું શીખવાં જેવું છે. પરિવાર પરંપરાને પોંખી રહેલાં ગોરધનભાઈને શતાયુ ભવ:ની શુભેચ્છાઓ!!